# પ્રેસ નોટ

## ચોરેલી બોલેરો સાથે રીઢા વાહનચોર ની ધરપકડ કરી નરોડા વિસ્તારની બોલેરો ચોરી નો ભેદ ઉકેલતી અમદાવાદ ક્રાઇમબ્રાંચ

અમદાવાદ શહેર ક્રાઇમબ્રાંચના નાયબ પોલીસ કમિશ્નરશ્રી દીપેન ભદ્રનસાહેબ નાઓએ અમદાવાદ શહેર વિસ્તારમાં બનેલ મિલકત સબંધી ગુનાઓ શોધી કાઢવા અને અટકાવવા સારૂ સુચના કરેલ તે અનુસંધાને મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી કે.એન.પટેલ નાઓના માર્ગદર્શન હેઠળ એન્ટી પ્રોપર્ટી સ્કોર્ડના પોલીસ સબ ઇન્સ્પેકટર શ્રી જે.એન.ઝાલા તથા પોલીસ સબ ઇન્સ્પેક્ટર શ્રી એચ.પી.કરેણ નાઓએ સ્ટાફના માણસો સાથે પેટ્રોલીંગ દરમિયાન બાતમી આધારે પીરાણા ઓકટ્રોય નાકા ચાર રસ્તા પાસેથી શંકાસ્પદ બોલેરો સાથે ઇમરાન ઉર્ફે ગાય મેહમૂદ શેખ રહે. ડી/૭ અમીના પાર્ક , ઇબ્રાહીમ મસ્જીદ પાછળ. ફતેવાડી, સરખેજ રોડ, અમદાવાદ નાઓને ઝડપી પાડેલ છે.

સદર આરોપીની પૂછપરછ દરમિયાન આ બોલેરો ગાડી તેના મિત્ર સિકંદર પઠાણ રહે, અમદાવાદ નાએ સંગીતા ફર્નિચર નરોડા પાટિયા ખાતેથી બે દિવસ પહેલા રાત્રીના સમયે ચોરી કરેલ અને પોતાને વેચાણ કરવા સારું આપેલ હોવાની કેફિયત આપેલ છે.

## આરોપી નો ગુનાહિત ઈતિહાસ

આરોપી ઇમરાન મેહમુદ શેખનાઓ ની સઘન પૂછપરછ દરમિયાન પોતે અગાઉ પણ માધવપુરા પોલીસસ્ટેશનમાં સુમો ચોરીમાં પકડાયેલ છે. આ ઉપરાંત તે પશુઘાતકીપણા ના કેસ માં પણ અગાઉ વટવા જીઆઇડીસી પો સ્ટે માં પકડાયેલ છે. ઇમરાન પોતે ભાવનગર ખાતે પાસા પણ કાપેલ છે.